આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

પ્રશંસા એકબીજાના સદ્‌ગુણો પ્રત્યેનું આપણું ઋણ છે
- થોમસ બ્રાઉન

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૩૪૭ | ૨૭ ફેબ્રુઆરી, ૨૦૧૩, બુધવાર; મહા વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગાંધીનગર રેલમાર્ગનું વિદ્યુતિકરણ

ગાંધીનગર, તા. ૨૬

આજે જાહેર થયેલા રેલવે બજેટ-૨૦૧૩-૧૪માં કેપીટલ સ્ટેશનના રેલમાર્ગનું વિદ્યુતિકરણ કરવાની યોજના મંજૂર કરવામાં આવી છે. ખોડીયારથી ગાંધીનગર અને કલોલના રેલવેટ્રેકને અનુલક્ષી ઈલેક્ટ્રીફીકેશનનું કામ હાથ ધરવા નિર્ણય લેવાયો છે. જ્યારે બજેટ દરમિયાન નવી જાહેર થયેલી અમદાવાદ-જોધપુર ટ્રેઈન પણ વાયા ગાંધીનગર થઈને દોડાવવા મંજૂરી આપવામાં આવી હોવાના સંકેતો રેલવે વિભાગમાંથી સાંપડ્યા છે. ગત બજેટમાં પણ આણંદની મેમુ ટ્રેઈન કેપીટલ સ્ટેશનને ફાળવવામાં આવી હતી.

ગાંધીનગર કેપીટલ સ્ટેશનના વિકાસ માટે કરોડોનો ખર્ચ કરાયા બાદ પણ સ્ટેશનને જરૂરી રેલસુવિધા ન મળતા જનઆક્રોશ પ્રબળ બન્યો છે. જ્યારે અત્યાર સુધીના રેલબજેટોમાં પણ ગાંધીનગર સ્ટેશન માટે કોઈ વિશેષ ટ્રેઈન સેવા મંજૂર ન થતા દાયકાઓના અંતે પણ કેપીટલ સ્ટેશનને ટ્રેઈનોની અવર-જવરથી ધમધમતુ કરવાનું શક્ય બન્યું નથી.



જો કે સ્થાનિક સંસ્થાઓની અનેક રજૂઆતોના અંતે કેપીટલ સ્ટેશન પરથી હાલની સ્થિતિએ રોજની ચાર ટ્રેઈન આવે છે. ચાર જાય છે. મુંબઈ, હરિદ્વાર, ઈન્દોર અને આણંદની મેમુ ટ્રેઈનના લીધે મુસાફરોને રેલ સુવિધા ઉપલબ્ધ થઈ છે. કરોડોના ખર્ચ નિર્માણ કરાયેલા નગરના રેલવે સ્ટેશનમાં વર્ષોના અંતે હજુ રેલયાત્રિકોને આનુસંગિક સુવિધાઓ ઉપલબ્ધ થઈ નથી. કોચ ઈન્ડીકેટર, પબ્લીક એનાઉન્સમેન્ટ સિસ્ટમ, કેન્ટીન સહિતની કામગીરી અધવચ્ચે અટવાયેલી છે.

● અનુસંધાન પાન-૭ પર

## ખોડીયાર બ્રિજથી ગાંધીનગર-કલોલના ટ્રેક પર ઈલેક્ટ્રીફીકેશનના કામનો બજેટમાં સમાવેશ : અમદાવાદ-જોધપુર ટ્રેઈન ગાંધીનગરને મળે તેવી શક્યતા

# આજે જિલ્લા પંચાયતની નવ સમિતિઓના ચેરમેનો નિમાશે

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લા પંચાયતની નવી રચાયેલ સમિતિઓના ચેરમેનોની આજે મળનારી સમિતિઓની બેઠકમાં નિમણુંકો કરવામાં આવશે.

૧૫ જાન્યુઆરીએ મળેલી સામાન્ય સભામાં પંચાયતની નવ સમિતિઓની રચના કરવામાં આવી હતી. આ પછી ૨૪મીએ આ સમિતિઓના ચેરમેનની નિમણુંકનો મુદ્દો હાથ ધરાવાનો હતો પરંતુ ત્રણ સભ્યોએ વિવિધ સમિતિઓમાંથી રાજીનામા આપતા અને રાજ્ય ચૂંટણી પંચે તાલુકા પંચાયતની ચૂંટણીઓ જાહેર કરતાં સમગ્ર મામલો ૨૭ ફેબ્રુઆરી સુધી મુલ્તવી રાખવામાં આવ્યો હતો.

જે ત્રણ સભ્યોએ રાજીનામા ધરી દીધા હતા તે પૈકી બે સભ્યોએ રાજીનામાના પત્રો પાછા ખેંચી લેતાં જિલ્લા કોંગ્રેસ સમિતિ માટે સમિતિઓના ચેરમેનોની નિમણુંકનો માર્ગ સરળ બન્યો છે.

સવારે ૧૧ વાગ્યાથી શરૂ થતી સમિતિઓની બેઠકોનો દોર ૨.૩૦ વાગ્યા સુધી ચાલશે. આ સમયગાળા દરમ્યાન નવ સમિતિઓના ચેરમેનોની નિમણુંક અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

જિલ્લા કોંગ્રેસના આગેવાનો બધી જ કામગીરી સરળતાથી પૂર્ણ થશે તેમ માની રહ્યા છે. આ માટે સભ્યો સાથે પરામર્શ કરી અને ચેરમેનોની પસંદગી માટે મેન્ડેટ આપવામાં આવી રહ્યો હોવાનું કોંગ્રેસના વર્તુળોમાંથી જાણવા મળેલ છે.

બાંધકામ સમિતિના ચેરમેન શ્રી અજીતસિંહ રાઠોડે હજુ તેમનુ રાજીનામુ પરત ખેંચ્યું નથી. જો કે નેતાગીરીને વિશ્વાસ છે કે બધુ થાળે પડી જશે. સમિતિઓની રચના માટે નિરીક્ષકો આવ્યા હતા અને આ નિરીક્ષકોએ સભ્યોની રજુઆતો સાંભળી પછી નવી સમિતિઓની રચના કરી હતી.

SBI તથા અન્ય બેંકોની P.O. તથા CLERK ની પરીક્ષા સફળતાપૂર્વક પાસ કરો
99256 98721
વિવેકાનંદ એકેડમી

# જિલ્લામાં સ્વાઈન ફલુના વધુ ૨ કેસ

## સ્વાઈન ફલુથી પિડીત મહિલાએ અમદાવાદમાં બે બાળકીને જન્મ આપ્યો

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેર અને જિલ્લામાં સ્વાઈન ફલુના દર્દીઓની સંખ્યામાં વધારો થતાં આરોગ્ય તંત્રના અધિકારીઓ દોડતા થઈ ગયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે બે નવા સ્વાઈન ફલુના કેસ મળી આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર નજીક આવેલ સરગાસણ ગામની એક મહિલાને સ્વાઈન ફલુ પોઝીટીવ જણાયો છે અને તે પ્રસુતા છે. અત્રે મળતા અહેવાલો પ્રમાણે અમદાવાદની એક હોસ્પિટલમાં તે સારવાર હેઠળ છે અને તેણે ગઈકાલે બે જોડકી બાળકીઓને જન્મ આપ્યો છે. પ્રસુતા મહિલા સહિત બધાની તબિયત સારી હોવાનું આરોગ્યતંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

બીજો કેસ ઈસનપુર-મોટા ગામના એક કિશોરને પોઝીટીવ આવ્યો હોવાનું જાણવા મળેલ છે. મળતી વિગતોપ્રમાણે આ કિશોરને સ્વાઈન ફલુ પોઝીટીવ જણાતાં તેને સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. દરમ્યાન ગઈકાલે ગાંધીનગર શહેરના નવા સેક્ટરમાંથી મળેલ શંકાસ્પદ દર્દીના નમુનામાં સ્વાઈન ફલુ પોઝીટીવ ન જણાતાં તંત્રએ રાહતનો દમ લીધો છે.

જિલ્લામાં આ સિઝનમાં અત્યાર સુધીમાં સ્વાઈન ફલુના છ કેસ નોંધાયા છે જ્યારે ૩ દર્દીઓના નમુનામાં નેગેટીવ જણાયુ છે. નોંધાયેલા છ દર્દી પૈકી બે ના મોત થયા છે.

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફલુએ બે વર્ષ બાદ દેખા દીધી છે. સ્વાઈન ફલુના વધી રહેલા કેસોના પગલે જિલ્લા આરોગ્ય તંત્રએ એલર્ટ રહેવા તાકીદ કરી છે.



આ તસવીર ગુજરાતના કોઈ છેવાડાના નગર કે ગામડાની નથી. આ તસવીર ચોમાસાની નથી કે નથી નદી કિનારાની... આ તસવીર કોઈ ખાબોચીયાની કે જુના તળાવની નથી.... આ તસવીર છે પાટનગરના પાદરની. નગરના સેક્ટર-૨૮ના છેડે આવેલા આદિવાડાની શેરીઓમાં ભરાયેલા ગંદા પાણીની છે. કેટલાય દિવસોથી ઉભરાતા ગટરના પાણી માટે ફરિયાદો થાય છે, રજૂઆતો થાય છે પરંતુ કોઈ સાંભળતું નથી. આદિવાડાના ગ્રામજનોને પણ ૩ કિ.મી. દૂર સચિવાલયમાંથી થતાં નિર્મળ ગુજરાતના ભાષણોને ઝીલવા છે. પરિપત્રોને પામવા છે પણ કમનસીબી છે કે પરિપત્રોની અસર ૩ કિ.મી.માં પણ થતી નથી.
(તસવીર : દિપક જાની)

1800+ 'તલાટીની ભરતી' જગાઓ!
ધો.12 પાસ અને વધુ લાયકાત માટે
'ગુજરાત સરકાર' માં નોકરી!
13000+ (વર્ગ-3)
માસ્ટર કોર્ષ-2013
₹14,000
₹16,000
પહેલા 10 વર્ષનાં પેપરોનું સોલ્યુશન
KNOWLEDGE VALLEY
TCCI EDUCATION PVT. LTD.
HELPLINE NUMBER : 9328714508
KNOWLEDGE VALLEY

# સે. ૩૦ના સરકારી મકાનમાં એસઆરપી જવાને પત્નિ-પુત્રીના ટુકડા કરી નાંખ્યા

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેરના સેક્ટર-૩૦માં રહેતા એક એસ.આર.પી. જવાને તેની પત્નિ અને દીકરી બન્નેને પોતાના સરકારી મકાનમાં જ તિક્ષ્ણ હથિયાર વડે હાથ-પગ અને ગળુ કાપીને મર્ડર કરી એક પ્લાસ્ટીકના બેરલમાં નિર્દયતાથી શરીરના ટુકડા ભરી દઈ સાબરકાંઠાના ભિલોડા તાલુકા વિસ્તારના એક ગામના કૂવામાં ફેંકી દીધાની ચકચારી ઘટના બનવા પામી છે. એસ.આર.પી. જવાને તેની પહેલી પત્નિના દીકરાના લગ્નમાં આવવાનો એકવાર થયેલા હતા. તેણીની સાથેના લગ્નજીવનમાં એક દિકરો પણ હતો. જેના લગ્ન હોવાથી અરવિંદે તેની પત્નિ હસુમતીને સાથે હાજરી આપવા જવા આગ્રહ કર્યો હતો. પરંતુ હસમુતીએ લગ્ન પ્રસંગે જવાની ના પાડી દેતા તે આવેશમાં આવી ગયો હતો અને તિક્ષ્ણ હથિયાર લઈને તેની જ પત્નિ હસુમતી તથા તેની અપંગ દીકરી ભારતીના હાથ-પગ અને માથુ વાઢી નાંખ્યું હતું. બન્નેની લાશના સે. ૩૦ના સરકારી મકાનમાં જ ટુકડે ટુકડા કરીને એક પ્લાસ્ટીકના બેરલમાં ભરી દીધા હતા અને કપડાં વીંટીને

### ધો. ૨માં અભ્યાસ કરતી દીકરી અને પત્નિના હાથ-પગ-ગળુ કાપી એક પ્લાસ્ટીકના બેરલમાં શરીરના ટુકડા ભરીને સાબરકાંઠાના એક ગામના કૂવામાં બેરલ ફેંકી આવ્યો હતો : નિર્દય જવાન સાત દિવસના રિમાન્ડ પર

### બાળકી ધો-૨માં અભ્યાસ કરતી હતી

એસ.આર.પી. જવાન અરવિંદ નામના શખ્સે બેરહેમીપૂર્વક તેની પત્નિ અને દિકરીની હત્યા કરીને લાશના ટુકડા કરી ફેંકી દીધી હતી. જેમાં મોતને ભેટેલી માસુમ બાળકી ભારતી શહેરની કડી કેમ્પસમાં સ્થિત એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળામાં ધો-૨માં અભ્યાસ કરતી હતી. હિંમતનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચ શાળામાં બાળકી કેટલા દિવસથી ગેરહાજર હતી તે સહિતની વિગતો મેળવવામાં પણ આવી હતી અને હાજરી સહિતના જરૂરી રેકર્ડ મેળવીને તપાસની વધુ કડીઓ એકત્રિત કરી હતી.

આગ્રહ કરવા છતાં પ્રેમલગ્ન કરીને લાવેલી સે. ૩૦માં રહેતી પત્નિએ સ્પષ્ટ ના પાડી હોવાથી ડબલ મર્ડરને અંજામ આપ્યો હતો. લોકલ ક્રાઈમ બ્રાન્ચે કીલર એસ.આર.પી. જવાનની ધરપકડ કરી કોર્ટમાં રજુ કરતાં કોર્ટે સાત દિવસના રિમાન્ડ વધુ પુછપરછ માટે મંજૂર કર્યા છે.

ગાંધીનગર શહેરના સેક્ટર-૩૦, જ-૨ કેટેગરી, બ્લોક નં. ૮૬૧/૧માં રહેતો અને મુળ સાબરકાંઠા જિલ્લાના ભીલોડા તાલુકામાં આવેલા વાંકાનેર છાપરામાં રહેતો અરવિંદ મરતાજી ડામોર એસ.આર.પી.માં ફરજ બજાવે છે. તેણે હસુમતીબેન સાથે પ્રેમલગ્ન કર્યા હતા. જેમની સાથે સંતાનોમાં બે દીકરીનો સમાવેશ થાય છે. અરવિંદના લગ્ન અગાઉ પણ

વાહન મારફતે અરવિંદ તેના વતન ભિલોડાના હાથમતી જળાશય, જુના ખેરોજના સીમાડામાં ફેંકી આવ્યો હતો.

હિંમતનગર પોલીસને કૂવામાંથી દુર્ગંધ આવતા હોવાના સમાચાર મળતાં તપાસ કરતાં બેરલ કપડાથી વિંટાયેલી હાલતમાં મળ્યું હતું. જે ખોલતા તેમાંથી મા-દીકરીની લાશના ટુકડે-ટુકડા નિકળ્યા હતા. લોકલ ક્રાઈમ બ્રાન્ચે માતાના હાથે અંગ્રેજીમાં 'HB' છુંદણાથી લખાયેલું જોઈને તેની ઓળખ માટે પત્રિકાઓ વહેંચી હતી. દરમ્યાન વાલી-વારસ મળતા

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર તાલુકા પંચાયતની પ્રથમ બેઠક ૧૯મી માર્ચે મળશે

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર તાલુકા પંચાયતની પ્રથમ બેઠક ૧૯મી માર્ચે મામલતદાર શ્રી આર.પી. ભાટીના અધ્યક્ષપદે મળશે.

ગાંધીનગર તાલુકા પંચાયતની તાજેતરમાં ચૂંટણીઓ સંપન્ન થતાં હવે પ્રથમ બેઠક યોજવાની દિશામાં કાર્યવાહી હાથ ધરાઈ છે. તાલુકા પંચાયતની ચૂંટણીઓમાં ભાજપે ૧૬ વર્ષ પછી કોંગ્રેસ પાસેથી સત્તાના સૂત્રો સંભાળ્યા છે.

૧૯મી માર્ચે મળનારી બેઠકમાં તાલુકા પંચાયતના નવા પ્રમુખની તેમજ ઉપપ્રમુખની ચૂંટણી માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે પ્રથમ બેઠકમાં માત્ર પ્રમુખની ચૂંટણી બાદ સભા સંપન્ન કરી દેવામાં આવશે અને પુનઃ ત્રણ દિવસ બાદ કે એકાદ સપ્તાહ બાદ સામાન્યસભાની બેઠક મળશે જેમાં બજેટને બહાલી આપવામાં આવશે.

તાલુકા પંચાયતનું પ્રમુખ પદ મહિલા માટે અનામત હોવાથી કોની

● અનુસંધાન પાન-૭ પર

સબ રજિસ્ટ્રાર તથા GPSC ની પરીક્ષા માટે
શનિ-રવિની બ્રિલીયન્ટ બેંચ
તા. 03-03-2013 રવિવારથી શરૂ થાય છે.
વિવેકાનંદ એકેડમી M:99256 98721